# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬-A તા.૦૮-૦૬-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૫ જૂન ૨૦૧૮ના રોજ ‘વિશ્વ પર્યાવરણ દિન’ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક પ્રાશિનિ/સંકલન/૨૦૧૮/૨૯૮૩-૩૦૩૬ પ્રા.શિ.નિ.ની કચેરી,ગાંધીનગરનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા તા.૫ જૂન ૨૦૧૮ના રોજ ‘વિશ્વ પર્યાવરણ દિન’ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની થીમ ‘પ્લાસ્ટીક પ્રદુષણ’ રાખવામાં આવેલ છે. ‘વિશ્વ પર્યાવરણ દિન’ ની ઉજવણી પર્યાવરણમાં થતા તમામ પ્રકારના પ્રદુષણ ઘટાડવા અને રોકવા વૈશ્વિક નેતૃત્વને લઈને આપણી પ્રતિબદ્ધતા તરફ એક પગલું છે.

શાળાઓમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા અને ‘Beat Plastic Polution’ થીમ આધારિત જાગરૂકતા લાવવા માટે નીચે મુજબના પ્રયાસો / પ્રવૃત્તિઓ કરી શકાય.

- પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા લાવવા માટે પોસ્ટર નિર્માણ, નિબંધ લેખન, ક્વિઝ સ્પર્ધાઓ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.
- શહેરો અને નગરોમાં પ્લાસ્ટીકના કચરા સાફ કરવાનું આયોજન કરી શકાય.

૧. મુખ્ય ઓફિસ, ઝોન ઓફિસની મહા સફાઈ કરવાની રહેશે.

૨. પ્લાસ્ટીકનો કોઈપણ સંજોગોમાં ઉપયોગ ન કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

૩. સફાઈ કામદાર દ્વારા ૫ જૂન થી ૧૧ જૂન દરમ્યાન શાળામાં મહાસફાઈ કરવાનું આયોજન કરવાનું રહેશે.

૪. તા.૧ થી ૧૦ જૂન સુધીમાં પાણીની ટાંકીઓની સફાઈ કરાવવાની રહેશે.

૫. પ્રિન્ટ અને સોશિયલ મીડિયા દ્વારા સામાન્ય જનતામાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા લાવવાના પ્રયાસ કરી શકાય.

૬. સરકારી એજન્સીઓ દ્વારા તમામ સ્વરૂપોમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવાની જાહેરાત કરી શકાય.

૭. પોસ્ટર નિર્માણ,નિબંધ લેખન તથા ચિત્ર સ્પર્ધાના વિષય (૧) જળ એજ જીવન (૨) આપણું અમદાવાદ-સ્વચ્છ અમદાવાદ (૩) પર્યાવરણ બચાવો (૪) વૃક્ષ વાવીએ.

૮. ધોરણ ૬ થી ૮ના બાળકોની પોસ્ટર નિર્માણ, નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધાનું તા.૧૩-૬-૧૮ ના રોજ શાળા કક્ષા, તા.૧૬-૬-૧૮ના રોજ ઝોન કક્ષા અને તા.૧૮-૬-૧૮ના રોજ શહેર કક્ષાએ આયોજન કરી તેનો વિગતવાર અહેવાલ તા.૧૯-૬-૧૮ સુધીમાં મુખ્ય ઓફિસમાં નીચે મુજબ અહેવાલ ઝોન કક્ષાની દરેક સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાના ફોટોગ્રાફ સાથે ઈ.મેઈલ આઈ.ડી.aoschoolboard@gmail.com પર શ્રુતિ ફોન્ટમાં મોકલી આપવાનો રહેશે. સ્પર્ધા અંગેની વિદ્યાર્થીઓને આપવાની જરૂરી સામગ્રી જે તે શાળાએ પુરી પાડવાની રહેશે.

| ક્રમ | ઝોન | સ્પર્ધાનું નામ | શાળાના વિદ્યાર્થી સંખ્યા | ભાગ લીધેલ વિદ્યાર્થીની સંખ્યા | પોસ્ટર નિર્માણ | નિબંધ સ્પર્ધા | ચિત્ર સ્પર્ધા | ક્વિઝ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧.<br>૨.<br>૩. | ૧.<br>૨.<br>૩. | ૧.<br>૨.<br>૩. | ૧.<br>૨.<br>૩. |

તા.૦૮-૦૬-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬-B તા.૦૮-૦૬-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શાળા વ્યવસ્થાપન સમિતિ (S.M.C.)ની પુનઃ રચના કરવા બાબત.**

**સંદર્ભ :- એસપીઓ કચેરીના ક્રમાંક નંબર એસ.એસ.એ કો.મો./2018/ 17203-17317 તારીખ 24/5/2018.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009ની કલમ-21 અને ગુજરાત બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો ગુજરાત 2012ના નિયમ 16 ની જોગવાઈઓ પ્રમાણે શાળા વ્યવસ્થાપન સમિતિની રચના જણાવેલ બાબતો પ્રમાણે નિયત તારીખથી શાળાઓએ 6 મહિનાની અંદર શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની રહેશે અને શાળા વ્યવસ્થાપન સમિતિ (S.M.C.)ની દર ૨(બે) વર્ષે પુનઃ રચના કરવાની રહે છે.

સંદર્ભે દર્શિત પત્રમાં જણાવ્યા અનુસાર આગામી શૈક્ષણિક સત્ર વર્ષ 2018-19 માટે એટલે કે આગામી શાળા પ્રવેશોત્સવ 2018 પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિ નિયમાનુસાર પુનઃ રચના તમામ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને કરવાની થાય છે. શાળા વ્યવસ્થાપન સમિતિ (S.M.C.)પુનઃરચના કરતા પહેલા નીચેની બાબતોને ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

1. જેમાં 75% નવ સભ્યો શાળામાં અભ્યાસ કરતા બાળકોના માતાપિતા કે વાલી વાલી એક વખતના કાર્યકાળમાં સભ્યો બની ચૂક્યા છે તે વાલી પુનઃ રચનામાં પુનઃ નિયુક્તિ ન મળી શકે.
2. એક સભ્ય સ્થાનિક શિક્ષણ વિભાગ નિવૃત્ત આચાર્ય અથવા જે ગામના વતની હોય તેવા સરકારી અધિકારી કે જેઓ નિવૃત હોય તેવા તેઓની સર્વિસ ચાલુ હોય(હાલ કાર્યરત શિક્ષકનો શાળા વ્યવસ્થાપન સમિતિમાં રાખી શકે નહી).
3. શાળામાં વાલી સભા ગ્રામસભા ફરજિયાત યોજી આચાર્યશ્રી દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃરચના માટે વાલીમીટીંગનું આયોજન કરવું અને વાલી મિટિંગ માટે અઠવાડિયા અગાઉ વાલીઓ અને જાહેર સ્થળો પર જાહેરાત કરી જાણ કરવાની રહેશે. તેમજ પુનઃ રચનાની કામગીરી માટે મળેલ વાલી મિટિંગની કાર્યનોંધ તૈયાર કરવાની રહેશે અને મિનિટસ બુકમાં નોંધ કરવાની રહેશે. (સી.આર.સી.ની મુલાકાત દરમ્યાન કરેલ નોંધને સી.આર.સી.ને બતાવવાની રહેશે.)
4. તમામ શાળાએ શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના થઇ છે તેવું પ્રમાણપત્ર સીઆરસી કો ઓર્ડીનેટરને તા.૨૦/૬/૨૦૧૮ નારોજ ફરજીયાત આપવાનું રહેશે.

સી.આર.સી. કો.-ઓડીનેટરએ તેમના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના થઇ છે તેવું પ્રમાણપત્ર યુઆરસી કો ઓર્ડીનેટરને તા.૨૧/૬/૨૦૧૮ નારોજ આપવાનું અને યુઆરસી કો ઓર્ડીનેટર અને તેના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના થઇ ગઈ છે તેવું પ્રમાણપત્ર તા.૨૨/૬/૨૦૧૮ ના રોજ જિલ્લા ગર્લ્સ એજયુકેશન ઓફિસરને ફરજીયાત આપવાનું રહેશે.

તા.૦૮-૦૬-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬-C તા.૦૮-૦૬-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :-** **નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં (ઈતર માધ્યમ) ઉર્દૂ,હિન્દી, મરાઠી, અંગ્રેજી, તામીલ,સિંધી તથા ગુજરાતી માધ્યમનાં ફક્ત અરસ-પરસ બદલી કરવા માંગતા ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકોની આંતરિક માંગણીની બદલી અંગે**

**સંદર્ભ :-** **૧. ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ નં.પીઆરઈ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક તા.૨૩-૫-૧૨ અને તથા ઠરાવ ક્રમાંક પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬/ક તા.તા.૧૮-૨-૧૪, તા.૫-૭-૧૪ તા.૨-૮-૧૪, તા.૧૭-૩-૧૫ , તા.૧૧-૫-૧૮ ના સુધારા ઠરાવો અન્વયે.**

**૨. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/૩૫૮૫-૩૬૨૬ તા.૫-૬-૧૮નો પત્ર.**

ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૫૪ અન્વયે પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયકોનાં આંતરિક ફેરફાર (બદલી) અંગેની સર્વસામાન્ય સુચનાઓ નીચે મુજબ બહાર પાડવામાં આવેલ છે.

(૧) દરેક શાળામાં પ્રાથમિક વિભાગ (ધો.૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮-વિજ્ઞાન,ગણિત, સામાજિક વિજ્ઞાન, ભાષાઓ) એમ બે વિભાગ રહેશે.

(૨) માંગણીનાં આંતરિક ફેરફાર (બદલીઓ) વર્ષમાં માત્ર એક જ વખત ઉનાળુ વેકેશનમાં કરવાની રહેશે.

(૩) આંતરિક બદલીની કાર્યવાહી જાહેર કેમ્પ દ્વારા કરવાની રહેશે.

(૪) ૧૦ જૂન-૨૦૧૦ પહેલાં નોકરીમાં દાખલ થયેલ દરેક શિક્ષક / વિદ્યાસહાયક / પ્રાથમિક વિભાગનાં શિક્ષક / વિદ્યાસહાયક ગણાશે, પણ આ પૈકી જે શિક્ષકો / વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષકનાં ત્રણ વિભાગો પૈકી કોઈપણ વિભાગની લાયકાત મેળવી લીધી છે. / ધરાવે છે અને તેઓ સબંધિત વિભાગનાં શિક્ષક થવા વિકલ્પ આપી શિક્ષણ વિભાગના તા.૧૬-૨-૧૨નાં ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ /૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક તથા શિક્ષણ વિભાગનો તા.૧૯-૨-૧૪નો ઠરાવ તથા ક્રમાંક : પીઆરઈ /૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક પ્રમાણે પોતાની અથવા બીજી શાળામાં જે તે વિભાગની જગા સ્વીકારી લીધી છે. તેઓ સબંધિત ઉચ્ચ પ્રાથમિક વિભાગનાં શિક્ષક ગણાશે.

(૫) ૧૦ જૂન-૨૦૧૦ પછી નિમણૂંક થયેલ વિદ્યાસહાયકો જે તે વિભાગ પ્રમાણે નિમણૂંક પામેલ હોઈ જે તે વિભાગના શિક્ષક ગણાશે.

(૬) પ્રાથમિક વિભાગના શિક્ષકની બદલી પ્રાથમિક વિભાગમાં અને ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકની બદલી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં તેમના વિષય (ગણિત-વિજ્ઞાન, ભાષા અને સામાજીક વિજ્ઞાન)ની જગ્યા ખાલી હશે તો જ થઈ શકશે.

(૭) કોઈપણ પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની જરૂરી લાયકાત ધરાવતા હોય પરંતુ તેમની નિમણૂંક ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં થઈ ન હોય અથવા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવામાં આવ્યા ન હોય તો તેમને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં બદલી શકશે નહીં.

(૮) વિધવા, અપંગ, શિક્ષક દંપતિ અને વાલ્મીકી સમાજનાં સભ્યને તમામ પ્રકારની બદલીનાં કિસ્સામાં અગ્રતાનો લાભ આપવાનો રહેશે. આ અગ્રતા ક્રમ (૧) વિધવા (૨) અપંગ (૩) શિક્ષક દંપતિ અને (૪) વાલ્મીકી અને તે ક્રમ મુજબ જ અગ્રતા આપવાની રહેશે.

(૯) જિલ્લાની આંતરિક બદલીમાં લાભ લીધેલ હોય તો પણ જિલ્લા ફેરમાં અગ્રતાનો લાભ લઈ શકશે અને જિલ્લા ફેરમાં લાભ લીધે હોય તો પણ જિલ્લાની આંતરિક બદલીમાં અગ્રતાનો લાભ લઈ શકશે જે સમગ્ર નોકરી દરમ્યાન માત્ર એક જ વાર અગ્રતાનો લાભ લઈ શકશે. જેની નોંધ સંબંધિત શિક્ષકની સેવાપોથી અને શિક્ષક દંપતિના અગ્રતા ક્રમનો લાભ લેવાના કિસ્સામાં પતિ અને પત્નિ બંનેની સેવાપોથીમાં કરવાની રહેશે.

(૧૦) પતિ-પત્નીનાં કિસ્સામાં અગ્રતાનો લાભ ન લેનારની માંગણીની બદલી બદલીનાં સામાન્ય નિયમ મુજબ કરી શકાશે.

(૧૧) વિદ્યાસહાયક ભરતીમાં જેણે સ્થળ પસંદગીમાં અગ્રતાનો લાભ લીધો હોય તેવા શિક્ષક / વિદ્યાસહાયકને અગ્રતાનો લાભ મળી શકશે નહિ.

(૧૨) જે શિક્ષક / વિદ્યાસહાયકે અગ્રતાનો લાભ લીધો હોય તે અંગેની નોંધ તેમની સર્વિસબુકમાં કરવાની રહેશે અને તેઓ ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી બદલીની માંગણી કરી શકશે નહિ.

(૧૩) વિધવા શિક્ષકોને પિયર અથવા સાસરીનાં ગામમાં અગર તો ત્યાં જગા ન હોય તો તેની નજીકની કોઈપણ શાળાની ખાલી જગા ઉપર બદલીનો લાભ આપવાનો રહેશે.

(૧૪) વિધવા શિક્ષિકાએ વિધવા હોવા બાબતનું રૂા.૫૦/-નાં સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું તથા પતિનાં મૃત્યુનો દાખલો રજૂ કરવાનો રહેશે.

(૧૫) શારીરિક વિકલાંગ શિક્ષક / શિક્ષિકાએ વિકલાંગતાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૬) પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક દંપતિનાં કિસ્સામાં પતિ કે પત્ની ઉચ્ચ પ્રાથમિક / પ્રાથમિક શાળાના શિક્ષક / વિદ્યાસહાયક તરીકે નોકરી કરતાં હોય તો જ તેમને દંપતિ કિસ્સાનો લાભ મળવાપાત્ર થશે અને તે બાબતે લગ્ન અંગેનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર કેમ્પમાં રજૂ કરવાનું રહેશે.

(૧૭) શિક્ષક / વિદ્યાસહાયક પતિ-પત્નીનાં કિસ્સામાં અલગ અલગ તાલુકામાં નોકરી કરતા હોય અને દંપતિ ભેગા થવા માંગણી કરે તો તે બે પૈકીની એક શાળા / પગાર કેન્દ્રમાં જ જગા હોય તો બદલી કરવાની રહેશે અને જો તે બન્ને પૈકીની શાળા / પગાર કેન્દ્રમાં ખાલી જગા ન હોય તો કોઈ અન્ય તાલુકાના વધુ ખાલી જગાવાળી શાળામાં પતિ-પત્ની ભેગા થવા માંગતા હોય તો બદલી કરવાની રહેશે અને તે અંગેની નોંધ પતિ અને પત્ની બંનેની સર્વિસબુકમાં કરવાની રહેશે.

(૧૮) બદલી અર્થે કેમ્પમાં ઉપસ્થિત રહેનાર શિક્ષક / વિદ્યાસહાયક તેમની હાલની શાળાની નોકરીની લંબાઈ અંગેનો સંબંધિત શાળાનાં મુખ્ય શિક્ષકનો દાખલો સાથે લાવવાનો રહેશે. વધુમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયકનાં કિસ્સામાં વિષયનો ઉલ્લેખ દાખલામાં કરવાનો રહેશે.

(૧૯) શિક્ષક / વિદ્યાસહાયકને એક સરખી દાખલ તારીખ હોય ત્યારે તમામ પ્રકારની બદલીઓ માટે જન્મતારીખને ધ્યાને લઈ વધુ ઉંમરવાળાને અગ્રતા આપવાની રહેશે.

(૨૦) ઉચ્ચ પ્રાથમિક / પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયકની કોઈપણ શાળામાંથી બદલી થાય ત્યારે જો શાળામાં એક કરતાં વધુ ઉચ્ચ પ્રાથમિક / પ્રાથમિક શિક્ષકની જગ્યા ખાલી હોય અથવા બદલીને કારણે ખાલી પડતી હોય ત્યારે જયાં સુધી અન્ય શિક્ષકની બદલીથી નિમણૂક અથવા નવી નિમણૂક ન થાય ત્યાં સુધી બદલીવાળા શિક્ષક / વિદ્યાસહાયકને છૂટા કરવાના રહેશે નહીં. શાળામાં એક કરતાં વધુ ખાલી જગ્યા રહે નહીં તેની કાળજી રાખવાની રહેશે.

(૨૧) વેકેશનમાં કરવાનાં બદલીઓનાં કેમ્પની તારીખ સુનિશ્ચિત કરી વેકેશન અગાઉ તેની આગોતરી જાણ તમામ શાળાઓને કરવાની રહેશે.

(૨૨) બદલી કેમ્પમાં બદલી કરેલ શિક્ષકો / વિદ્યાસહાયકોને સરકારશ્રીની સૂચના અનુસાર વહીવટી કારણોસર મોડા કે પાછળથી છૂટા કરવામાં આવે તો ફકત બદલીનાં હેતુ માટે હુકમની તારીખની સિનીયોરીટી ગણવાની રહેશે.

(૨૩) સમગ્ર બદલી પ્રક્રિયા દરમ્યાન શિક્ષક / વિદ્યાસહાયક જે તે વર્ષની બદલી પ્રક્રિયામાં (વધ-ઘટ બદલી સિવાય) એક જ વખત લાભ લઈ શકશે.

(૨૪) અધિકૃત નગર શિક્ષણ સમિતિનાં ઉચ્ચ પ્રાથમિક / પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયકની બદલીનાં કિસ્સામાં નગર શિક્ષણ સમિતિનું કાર્યક્ષેત્ર એક એકમ (યુનિટ) તરીકે ગણવાનું રહેશે.

(૨૫) કેમ્પમાં દર્શાવેલ ખાલી જગાઓ ઉપર હાલની શાળાની સિનીયોરીટીનાં આધારે શિક્ષક / વિદ્યાસહાયકની માંગણી મુજબ બદલી કરવાની રહેશે.

(૨૬) જિલ્લાની તમામ પ્રકારનાં આંતરિક માંગણીની બદલીની પાત્રતા માટે શિક્ષક / વિદ્યાસહાયક હાલની શાળામાં કેમ્પની તારીખે ત્રણ વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઈએ.

(૨૭) શિક્ષક દપંતીના કિસ્સાની માંગણીવાળી બદલીઓમાં નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) પતિ-પત્ની શિક્ષક કે વિદ્યાસહાયક હશે તો પતિ-પત્નીનાં કિસ્સામાં બદલી થઈ શકશે.

(૨) જે તે વિભાગનાં જ પતિ-પત્ની હોય તે જરૂરી નથી.

(૩) પતિ-પત્નીનાં કિસ્સામાં માંગણી કરે ત્યારે પતિ કે પત્ની જે શાળામાં ફરજ બજાવે છે તે શાળામાં બદલી થઈ શકશે પરંતુ જે વિભાગનાં શિક્ષક છે તે જ વિભાગમાં તે જ શાળામાં જગા હોય તો બદલી કરી શકાશે.

(૪) અલગ-અલગ શાળામાં પતિ-પત્ની નોકરી કરતાં હોય તો તાલુકાની અન્ય કોઈ શાળામાં જે તે વિભાગની ખાલી જગા હોય અને પતિ-પત્ની ભેગા થવા માંગતા હોય તો બદલી કરી શકાશે.

(૫) પતિ-પત્ની અગ્રતાનો લાભ ન લે તો શિક્ષક / શિક્ષિકા સિનીયોરીટીનાં આધારે બદલીનો લાભ મેળવી શકશે.

(૨૮) જિલ્લામાં તાલુકા ફેર અરસ-પરસ બદલી અને એક જ તાલુકાની અંદર અરસ-પરસ બદલીનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન એક જ વખત મળશે.તે અંગેની સ્પષ્ટ નોંધ શિક્ષક / વિદ્યાસહાયકના બદલી હુકમમાં અને સેવાપોથીમાં કરવાની રહેશે.

(૨૯) અરસ-પરસ બદલીના કિસ્સામાં શિક્ષકને એકબીજાની શાળામાં જ મુકવાના રહેશે.અન્ય શાળામાં બદલીથી નિમણૂંક આપી શકાશે નહીં.

(૩૦) અરસ-પરસ બદલી માંગતા બંને શિક્ષકો એક જ વિભાગના હોવા જોઈશે. જુદા-જુદા વિભાગોના શિક્ષકોની અરસ-પરસ બદલી થઈ શકશે નહીં.

(૩૧) કેમ્પમાં ઉપસ્થિત રહેલા તમામ શિક્ષકોની હાજરીપત્રકમાં સહી લેવાની રહેશે.

(૩૨) બદલી હુકમો શિક્ષકોને કેમ્પમાં રૂબરૂ આપવામાં આવશે.

(૩૩) કેમ્પમાં માંગણીથી કરવામાં આવેલી બદલીમાં પાછળથી કોઈપણ પ્રકારનો ફેરફાર કે રદ કરી આપવામાં આવશે નહિ.

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનાં તા.૨૩-૫-૧૨નાં તથા વખતો વખત સુધારા સાથેના પરિપત્રમાં જણાવેલ સૂચનાઓને આધારે ઈતર માધ્યમના તથા ગુજરાતી માધ્યમના અરસ-પરસ બદલી કરવા માંગતા મ્યુનિ. શાળાના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકો અને પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકોને જણાવવામાં આવે છે કે, જે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકો અને પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયકો માંગણીથી સ્થળ ફેરફાર ઈચ્છતા હોય તેવા અરજદારોએ નીચે દર્શાવ્યા મુજબના નમૂનામાં અરજી કરી તેમની ઝોનલ કચેરીએ અરજી કરી તેમની ઝોનલ કચેરીએ અરજી ચેક કરાવી ઝોનના હેડ કલાર્ક અને પગારબીલ કલાર્કના સહી સિક્કા સાથે તા.૧૮-૦૬-૨૦૧૮ સુધીમાં મુખ્ય ઓફિસ (એલિસબ્રીજ-૧૦ નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ) એસ્ટા. વિભાગમાં અચૂક મળે તે રીતે મોકલવાની રહેશે. સમય બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. જેની નોંધ લેવી. માંગણી મુજબની શાળાઓમાં જગાઓ ઉપલબ્ધ હશે તો જ બદલી થશે. પ્રાથમિક શિક્ષક વિદ્યાસહાયકોએ સ્થળ ફેરફાર અંગે હવે આ પરિપત્ર મુજબ નવેસરથી અરજી કરવાની રહેશે. અગાઉ બદલી માટે અરજી કરી હોય તો તે તમામ અરજી રદ ગણાશે.

આંતરિક ફેરબદલી કેમ્પમાં અરસપરસની માંગણીની બદલી માટે ઈચ્છા ધરાવનાર બન્ને કર્મચારીઓને એક જ અરજીમાં સમંતિ દર્શાવી અને તમામ વિગત સાથે અરજી સમય મર્યાદામાં કરવાની રહેશે. આવી અરજી ઉપર લાલ શાહીથી અરસપરસમાં માંગણીની આંતરિક ફેરબદલી તેવું લખી અરજી કરી શકાશે. સરકારશ્રીની સુચના મુજબ બદલી માટે નીચે દર્શાવેલ પત્રકમાં માંગણીથી સ્થળ ફેરફાર ઈચ્છતા કર્મચારીએ અરજી કરવાની રહેશે. આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકશ્રી તેમજ તમામ શિક્ષક / વિદ્યાસહાયકોએ લેવી. મુખ્ય શિક્ષકશ્રીએ સદરહુ સ્ટાફની સહી મેળવી શાળાનાં દફતરે રાખવી. જે માધ્યમ/વિભાગમાં જગા ખાલી હશે તે જ માધ્યમ/વિભાગનાં શિક્ષકની આંતરિક બદલી કરવામાં આવશે.

તા.૮-૬-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

બદલીની અરજીનો નમૂનો

મહે. શાસનાધિકારી સાહેબ,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

**વિષય :- પરિપત્ર નં........ તા.........-૬-૧૮ મુજબ આંતરિક માંગણી કેમ્પમાં બદલી કરવા બાબત.**

૧. કર્મચારીનું નામ:- એમ્પલોઈ નંબર :-

૨. હાલની શાળા :- ડીપાર્ટમેન્ટ નંબર :-

૩. હોદ્દો :- પ્રાથમિક શિક્ષક / ઉચ્ચ પ્રા. શિક્ષક /વિદ્યાસહાયક નિમણૂંકની તારીખ :-

૪. લાયકાત :-

૫. સળંગ નોકરીની તારીખ :- જન્મ તારીખ :-

૬. નોકરીના કુલ વર્ષ :- વર્ષ માસ દિવસ

૭. એક તરફી જિલ્લા ફેરબદલીથી કે અરસપરસ જિલ્લા ફેરબદલીથી આવ્યા છો ?

૮. ક્રમ-૭માં હા તો મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં આવ્યા તારીખ :-

૯. બદલી માંગવાનું કારણ :-

૧૦. છેલ્લી બદલી ક્યારે થઈ હતી ? ટી.એસ.એફ. ઠરાવ અને તારીખ :-

૧૧. છેલ્લી બદલીની શાળા :- બદલી થવાનું કારણ :- માગંણી/વધઘટ/વિકલ્પ/શિક્ષાત્મક/અન્ય

૧૨. હાલની શાળામાં કયારથી છો ? વિકલ્પ પહેલાની શાળા.................તા.............

૧૩. નિવૃત્ત થવાને કેટલા વર્ષ બાકી છે ?

૧૪. ઘરનું સરનામું :-

૧૫. અગાઉ કઈ કઈ શાળામાં ફરજ બજાવી હતી

| શાળાનું નામ | તારીખ |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |

૧૬. કયા વિસ્તારની / પાળીમાં બદલીથી જવું છે. સવાર / બપોર

આથી હું પ્રમાણિત કરૂ છું કે ઉપર જણાવેલ વિગત સાચી છે. શાળાના દફતર / રેકર્ડ આધારે જણાવેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં માંગણીને કારણે મારી બદલી કરવામાં આવી નથી. ઉપર જણાવેલ વિસ્તાર / પાળીની શાળામાં જ જવું છે. / જવું નથી. તે સિવાય બદલી કરાવવાની નથી.

તારીખ :- કર્મચારીની સહી.

..................શાળા નં...

મુખ્ય શિક્ષકશ્રીની ભલામણ :-

સહી / સિકકો

...................શાળા નં...

નોંધ :- છેલ્લા ત્રણ વર્ષમાં બદલી થઈ હોય તો ભલામણમાં સ્પષ્ટ લખવું

સુપરવાઈઝરની ભલામણ :-

નોંધ :- શિક્ષાત્મક બદલી કરેલ હોય તો ભલામણમાં નોંધ કરવી.

આસિ.એ.ઓ.શ્રીની ભલામણ :-

નોંધ :- સ.બુકને આધારે છેલ્લી બદલીની વિગત ચકાસીને ભલામણ કરવી.

કલાર્ક હેડકલાર્ક આસિ.એ.ઓ. (ઝોન)

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬-D તા.૦૮-૦૬-૧૮

ફકત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :- નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ગુજરાતી માધ્યમના ઉચ્ચ પ્રાથમિક, પ્રાથમિક, વિદ્યાસહાયકોની ઓનલાઈન આંતરિક માંગણીની બદલી અંગે**

**સંદર્ભ :- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/૩૫૮૫-૩૬૨૬ તા.૫-૬-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના આ સાથે સામેલ પત્ર મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

તા.૮-૬-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/૩૫૮૫-૩૬૨૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૫/૦૬/૨૦૧૮

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ, વડોદરા, સુરત રાજકોટ, ભાવનગર, જામનગર

વિષયઃ- જિલ્લાની આંતરીક બદલીઓ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી કરવા બાબત.

સંદર્ભઃ- ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૧/૨૦૧૪/૩૫૭૨૨૭/ક તા.૧૭/૦૩/૨૦૧૫
૨. આ કચેરીના પત્ર ક્રઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૮૭૨૮૬૭ તા.૧-૯-૨૦૧૭
૩. આ કચેરીના પત્ર ક્રઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૯૭૬૬-૯૮૦૪ તા.૨૮-૯-૨૦૧૭
૪. શિ.વિ.ના ઠરાવ ક્રઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૧૧/૫/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તા.૧/૬/૨૦૧૭ની સ્થિતિએ ખાલી જગાઓ પર વર્ષ-૨૦૧૭ની આંતરિક બદલીઓ અંગે વંચાણક્રમ-૨ ના પરિપત્રથી ઓનલાઇન બદલી કાર્યક્રમ જાહેર કરેલ હતો તે અન્વયે પ્રથમ તબક્કાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ બીજા તબક્કાની કાર્યવાહી દરમ્યાન અદાલતી બાબતોના કારણે ઓનલાઇન બદલી અંગેની સંભવિત વિસંગતતાઓ ધ્યાને લઇ વંચાણક્રમ-૩ ના પત્રથી તા.૨૭/૦૯/૨૦૧૭થી તા.૦૬/૧૦/૨૦૧૭ દરમ્યાન યોજેલ ઓનલાઇન બદલીનો બીજા તબક્કાનો કાર્યક્રમ સ્થગિત કરેલ હતો. શિક્ષણ વિભાગના વંચાણક્રમ-૪ના ઠરાવથી શિક્ષક બદલી નિયમોમાં સુધારો કરેલ હોવાથી હવે બીજા તબક્કાની સ્થગિત થયેલ ઓનલાઇન બદલી કાર્યવાહી હાથ ધરવાની થાય છે. સરકારશ્રીના તા.૧૧/૫/૨૦૧૮ના ઠરાવ મુજબ હવે બી.આર.સી./સી.આર.સી.ની માતૃશાળાની શ્રેયાનતા આંતરિક માંગણીની બદલી માટે ધ્યાને લેવાની હોવાથી તેમજ તેનો અમલ ઠરાવની તારીખથી કરવાનો થતો હોઇ હવે બીજા તબક્કા માટે આ જોગવાઇ મુજબ ઓનલાઇન બદલીનો કાર્યક્રમ આ સાથે સામેલ રાખેલ નિયત સમયતાલીકા મુજબ નકકી કરવામાં આવે છે.

આ અંગે તા.૧/૯/૨૦૧૭ના પરીપત્રથી આપેલ સૂચનાઓ તેમજ નીચે પ્રમાણે નિયત કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) તા.૧/૯/૨૦૧૭ના પરિપત્રની સુચના મુજબ તા.૧/૬/૨૦૧૭ ની સ્થિતિએ જે ખાલી જગાઓ અપલોડ કરેલ છે. તે મુજબ બીજા તબક્કામાં અગાઉ અપલોડ કરેલ ખાલી જગાઓ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે. બીજા તબક્કામાં અપલોડ કરેલ ખાલી જગાની સ્થિતિમાં વહીવટી બદલી કે નવી નિમણુંક કે અન્ય કારણથી કોઇ ફેરફાર થયેલો હોય તો તેટલા પુરતો સુધારો તા.૬,૭/૦૬/૨૦૧૮ દરમ્યાન જિલ્લા કક્ષાએથી અપલોડ કરવાનો રહેશે. તા.૧-૬-૨૦૧૭ પછી ખાલી પડેલ કોઇપણ જગ્યા અપલોડ થવી જોઇએ નહી તેની તકેદારી રાખશો.

(૨) ક્રમ-૧ પ્રમાણે ખાલી જગ્યામાં અપલોડ કરેલ સુધારાની વિગતો જવાબદાર કર્મચારી સાથે તા.૮/૬/૨૦૧૮ના રોજ આ કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

(૩) બીજા તબક્કામાં આપના દ્વારા અપલોડ કરવામાં આવેલી ખાલી જગ્યાઓ જે તે જિ.પ્રા.શિ. શ્રી/શાસનાધિકારીના લોગીનમાં મુકવામાં આવી છે. તેની ચકાસણી કરીને તે યાદીમાં કોઇ સુધારો હોય તો ઉપર સુચના-૧ માં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ ઓનલાઇન અરજીઓ કન્ફર્મ કરતી વખતે તા.૧૧-૫-૨૦૧૮ ના ઠરાવ મુજબ બી.આર.સી./સી.આર.સી. ની મુળશાળાની સિનિયોરીટી ધ્યાને લઇને કાર્યવાહી કરવાની રહેશે. તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ એપ્રુવ કરવાની રહેશે.

<u>તે ઉપરાંત તા.૧-૯-૨૦૧૭ ના પરીપત્રની નીચે મુજબની સુચનાઓ યથાવત રહેશે.</u>

૧. સૌ પ્રથમ આપેલ વેબસાઈટ www.dpegujarat.org ઉપર દરેક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ Default Password થી Login થવાનુ રહેશે તથા Password બદલીને અપલોડ ખાલી જગ્યાઓની ચકાસણી કરવાની રહેશે. Default Password જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ફોન મેસેજથી આપેલ છે.

(અ) તા.૩૧/૦૮/૨૦૧૬ ની સ્થિતિએ મંજુર મહેકમ પ્રમાણે તા:૦૧/૦૬/૨૦૧૭ ની સ્થિતિએ ખાલી જગ્યાઓને જિલ્લા વિભાજનના કારણે વિકલ્પમાં શાળા ફાળવણીના હુકમથી થયેલ ફેરફાર ધ્યાને લઈ તે મુજબની ખાલી જગ્યાઓ અપલોડ કરવાની રહેશે.

(બ) ખાલી જગ્યાઓ અપલોડ કરતી વખતે જિલ્લા વિભાજનમાં જે શિક્ષકોને વિકલ્પ મુજબ શાળા ફાળવણીનો હુકમ કરેલ છે તેવા શિક્ષકો પૈકી છુટા ન થયેલ હોય તે કિસ્સામાં શિક્ષકની હાલની શાળા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે. અને જે શાળામાં ફાળવણી કરવામાં આવી છે તે જગ્યા ભરાયેલી ગણવાની રહેશે.

(ક) જે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની અગાઉ આંતરીક કે જિલ્લાફેર બદલી થયેલ હોય અને ૧૦ ટકાથી વધુ ખાલી જગ્યાના કારણે છુટા કરવામાં આવેલ ન હોય તો તેવા કિસ્સામાં મૂળ શાળાની જગ્યા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે. અને બદલીની શાળામાં જગ્યા ભરેલી ગણવાની રહેશે.

(ડ) કોઈપણ જિલ્લામાં કોઇપણ જગા માટે નામ.કોર્ટમાં કોઇ બાબત પડતર હોય તો તેવી જગ્યાઓ ખાલી જગ્યા તરીકે બતાવવાની રહેશે નહી.

૨. જે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકો આંતરીક બદલી કરાવવા ઈચ્છતા હોય તેઓએ સુચવેલ વેબસાઈટ પર માંગેલ વિગતો ભરી ઓનલાઈન અરજી સબમીટ કરવાની રહેશે.

૩. કન્ફર્મ થયેલ અરજીની પ્રિન્ટ કાઢી કચેરીની નકલમાં શાળાના મુખ્ય શિક્ષકના સહી-સિક્કા મેળવવાના રહેશે. ત્યારબાદ સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીને જરૂરી આધાર-પુરાવા જોડીને રજુ કરવાની રહેશે.

૪. સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીએ જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી મળ્યા અંગેની પહોંચ સબંધિત પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકને આપવાની રહેશે. અરજીમાં મંજુર/નામંજુર ના રીમાર્કસ કરીને તમામ અરજીઓ તા.૧૮/૦૬/૨૦૧૮ ના ૧૮.૦૦ કલાક સુધી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રૂબરૂ મોકલી આપવાની રહેશે.

૫. શાસનાધિકારીશ્રીએ જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી મળ્યા અંગેની પહોંચ સબંધિત પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકને આપવાની રહેશે. અરજીમાં મંજુર/નામંજુરના રીમાર્કસ કરીને ક્રમ-૬ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૬. સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને વેબસાઈટ ઉપર આપવામાં આવેલ પોતાના જિલ્લા/નગર શિક્ષણ સમિતિના લોગીનમાં જઈ આવેલ તમામ અરજીઓને એપ્રુવલ/રીજેક્ટ અંગેની કાર્યવાહી તા.૨૦/૦૬/૨૦૧૮ ના રોજ કચેરી સમય સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

૭. ઉપર મુજબની કામગીરી પૂર્ણ થયા બાદ કોમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા નિયમોનુસાર બદલી પાત્ર સબંધિત પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોના બદલી ઓર્ડર તૈયાર થશે.

૮. બદલી માટે અરજી કરેલ અને નિયમોનુસાર બદલી પાત્ર થતાં પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોએ વેબસાઈટ પરથી બદલી ઓર્ડરની પ્રિન્ટ જાતે મેળવી લેવાની રહેશે.

૯. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ બદલીના હુકમો પ્રિન્ટ નકલો મેળવવાની રહેશે અને ફાઈલે રાખવાની રહેશે.

૧૦. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીએ સમગ્ર બદલીના હુકમો પ્રિન્ટ કરી ફાઈલે રાખવાના રહેશે.

૧૧. કોમ્પ્યુટરાઝડ બદલી હુકમમાં જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની પ્રિન્ટ થયેલ સહી માન્ય ગણાશે.

૧૨. શિક્ષકોએ ઓનલાઇન શાળા પસંદગી વખતે ડાયસ કોડ અને શાળાનું નામ પસંદ કરવા માટે પુરતી કાળજી લેવાની રહેશે. પસંદગી મુજબ ઓનલાઇન થયેલ બદલી હુકમ કોઇપણ સંજોગોમાં રદ કરવામાં આવશે નહી. તે અંગે શિક્ષકોને પુરતા માહિતગાર કરશો.

૧૩. બદલી હુકમનો અમલ કરતાં પૂર્વે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી પાસે બદલી હુકમની ખરાઈ કરાવી બદલી હુકમ ઉપર તેઓની સહી કરાવવાની રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ ખરાઈ કર્યા સિવાયના બદલી હુકમ માન્ય રહેશે નહી.

૧૪. ઓનલાઇન બદલી કાર્યવાહી પુણ થયા બાદ તા.૨૮,૨૯,૩૦ જુન-૨૦૧૮ દરમ્યાન જિલ્લાની આંતરિક ઓવરસેટઅપની બદલીના કેમ્પ બીનચુક પુર્ણ કરવાના રહેશે. તથા ત્યારબાદ સ્થાનિક અનુકુળતા મુજબ અરસ-પરસ સહીત એકતરફી જિલ્લા ફેરબદલીની કાર્યવાહી જિલ્લાકક્ષાએ સત્વરે પુર્ણ કરવા સુચના આપવામાં આવે છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ બદલી અંગેના તા. ૨૩/૦૫/૨૦૧૨ તથા વખતોવખતના ઠરાવોનો અભ્યાસ કરી ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમથી પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીની કાર્યવાહી કરવાની રહેશે.

(ડો.એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ. રા. ગાંધીનગર

## ઓનલાઇન શિક્ષક બદલી કાર્યક્રમ (બીજો તબક્કો) - જુન-૨૦૧૮

Website: www.dpegujarat.org

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | તા.૬,૭ જુન- ૨૦૧૮ | જિલ્લાઓ દ્વારા બીજા તબક્કાની અગાઉ અપલોડ થયેલ ખાલી જગ્યાઓની ચકાસણી અને સુધારા વધારા ઓન-લાઇન અપલોડ અંગેની કામગીરી. |
| ૨ | તા.૮ જુન-૨૦૧૮<br>૧૪-૦૦ કલાક સુધી | ફકત અપલોડ કરેલ સુધારાના જરૂરી આધારો જિલ્લા કચેરીના પ્રતિનિધિ દ્વારા નિયામક કચેરીને રજુ કરવા. |
| ૨ | તા.૧૧/૦૬/૨૦૧૮<br>૧૧.૦૦ કલાકે થી<br>તા.૧૩/૦૬/૨૦૧૮<br>૨૩.૫૯ કલાકસુધી | શિક્ષક/વિદ્યાસહાયકોએ આંતરિક બદલીઓ માટે ઓન-લાઇન ફોર્મ ભરવાની કામગીરી |
| ૩ | તા.૧૧/૦૬/૨૦૧૮ થી<br>તા.૧૮/૦૬/૨૦૧૮<br>૧૬-૦૦ કલાક સુધી | તાલુકા કક્ષાએ ફોર્મ વેરીફીકેશન કરવા તથા જિલ્લાને વેલીડેશન માટે રજુ કરવા |
| ૪ | તા.૧૯-૦૬-૨૦૧૮<br>૧૧-૦૦ કલાક થી<br>તા.૨૦-૦૬-૨૦૧૮<br>૧૮-૦૦ કલાક સુધી | જિલ્લા કક્ષાએ અરજી એપ્રુઅલ, રીજેકશનની કામગીરી |
| ૬ | તા.૨૧,૨૨/૦૬/૨૦૧૮ | ઇન્ડેક્ષ-બી ખાતે ડેટાવેરીફીકેશનની કામગીરી |
| ૭ | તા.૨૩/૦૬/૨૦૧૮<br>૧૪.૦૦ કલાકે થી | ઓન-લાઇન શિક્ષક/વિદ્યાસહાયકોએ આંતરિક બદલીઓના હુકમ મેળવી લેવાની કામગીરી |
| | | **ન.શિ.સ.ઓ માટે ઓફલાઈન કામગીરી** |
| ૭ | તા. ૨૫ /૦૬/૨૦૧૮ | જિલ્લા શિક્ષણ સમિતિમા ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમના શિક્ષકોની તથા નગર શિક્ષણ સમિતિઓના શિક્ષકોની આંતરિક માંગણીઓની બદલી કેમ્પનુ આયોજન |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬-E તા.૦૮-૦૬-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પાલક માતા-પિતા યોજના અંતર્ગત મ્યુનિ. શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે કીટ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અંગે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પાલક માતા-પિતા યોજના અંતર્ગત મ્યુનિ. શાળાના બાળકોને કીટ વિતરણ કાર્યક્રમ તા.૧૨-૬-૧૮ને મંગળવારના રોજ સવારે ૮-૦૦ કલાકે સ્કાઉટભવન,પાલડી ખાતે શ્રી ગૌતમભાઈ શાહ,માન. મેયરશ્રી,અમદાવાદના અધ્યક્ષ સ્થાને રાખેલ છે. આ કાર્યક્રમમાં તમામે તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ હાજર રહેવું. અત્રેથી કરવામાં આવેલ પરિપત્ર ક્રમાંક ૧૫૧ તા.૧૬-૩-૧૮થી યાદી મુજબના તમામ લાભાર્થી બાળકો હાજર રહે તે માટે વિશેષ આયોજન કરવું. આ લાભાર્થી બાળકો સાથે એક એક શિક્ષકે પણ હાજર રહેવું.

બિડાણ :- પાલક માતા-પિતા યોજનામાં મંજૂર થયેલ બાળકોની વિગત

તા.૮-૦૬-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬-F તા.૦૮-૦૬-૧૮

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

**વિષય :- સને ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષમાં પાળવાના તહેવાર તથા વેકેશનની યાદી**

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવાનું કે સને ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષમાં શાળાઓમાં પાળવાના તહેવાર અને વેકેશનની યાદી આ સાથે મોકલી આપવામાં આવે છે,આ રજાની યાદી બે પ્રકારની છે.

૧) ગુજરાતી,હિન્દી,મરાઠી,તામિલ તથા અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પાળવાના તહેવારો અને વેકેશનની યાદી

૨) ઉર્દૂ માધ્યમ તથા ઝોનલ શાળાઓમાં પાળવાના તહેવારો અને વેકેશનની રજાની યાદી

ઉપરોક્ત બન્ને રજાની યાદીમાં દિવાળીની રજાઓ(વેકેશન) તા.૫-૧૧-૧૮ થી તા.૨૫-૧૧-૧૮ સુધી દર્શાવેલ છે તથા ઉનાળુ વેકેશન તા.૬-૫-૧૯ થી તા.૯-૬-૧૯ સુધી દર્શાવેલ છે,પરંતુ રાજ્ય સરકાર તરફથી તમામ શાળાઓ માટે દિવાળી વેકેશન તથા ઉનાળુ વેકેશનની તારીખો જાહેર કરવામાં આવે છે.તે મુજબ વેકેશનની તારીખોમાં ફેરફાર થવાની શક્યતા રહેશે.

શ્રાવણ માસ તથા રમઝાન માસમાં શાળાઓનો સમય રાબેતા મુજબનો જ રહેશે.માત્ર શ્રાવણ માસના સોમવારનો સમય શનિવારના સમય મુજબ રહેશે. ઉર્દૂ તથા ઝોનલ શાળાઓમાં રમઝાન માસમાં આવતા તમામ શનિવારનો સમય શુક્રવાર મુજબનો રહેશે.

આ રજાની યાદીની નોંધ શાળાના તમામ કર્મચારીઓને લેવડાવવી.શાળાના બાળકો તથા વાલીઓને આ રજાની યાદીની જાણ કરવી.

તા.૮-૬-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## ગુજરાતી, હિન્દી, મરાઠી, તામિલ તથા અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પાળવાના તહેવારો અને વેકેશનની યાદી

### શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯

| ક્રમ | તહેવાર | દિન | માસ | તારીખ | વાર |
|---|---|---|---|---|---|
| ૧ | રમઝાન ઈદ | ૧ | જૂન | ૧૬-૬-૨૦૧૮ | શનિવાર |
| ૨ | રથયાત્રા | ૧ | જુલાઈ | ૧૪-૭-૨૦૧૮ | શનિવાર |
| ૩ | સ્વાતંત્ર્ય દિન | ૧ | ઓગષ્ટ | ૧૫-૮-૨૦૧૮ | બુધવાર |
| ૪ | પતેતી | ૧ | ઓગષ્ટ | ૧૭-૮-૨૦૧૮ | શુક્રવાર |
| ૫ | બકરીઈદ | ૧ | ઓગષ્ટ | ૨૨-૮-૨૦૧૮ | બુધવાર |
| ૬ | રાંધણછઠ | ૧ | સપ્ટેમ્બર | ૧-૯-૨૦૧૮ | શનિવાર |
| ૭ | જન્માષ્ટમી | ૧ | સપ્ટેમ્બર | ૩-૯-૨૦૧૮ | સોમવાર |
| ૮ | ગણેશ ચતુર્થી / જૈન સંવત્સરી | ૧ | સપ્ટેમ્બર | ૧૩-૯-૨૦૧૮ | ગુરૂવાર |
| ૯ | મહોરમ | ૧ | સપ્ટેમ્બર | ૨૧-૯-૨૦૧૮ | શુક્રવાર |
| ૧૦ | ગાંધીજયંતિ | ૧ | ઓકટોબર | ૨-૧૦-૨૦૧૮ | મંગળવાર |
| ૧૧ | દુર્ગાષ્ટમી | ૧ | ઓકટોબર | ૧૭-૧૦-૨૦૧૮ | બુધવાર |
| ૧૨ | નવરાત્રી નોમ / દશેરા | ૧ | ઓક્ટોબર | ૧૮-૧૦-૨૦૧૮ | ગુરૂવાર |
| ૧૩ | સરદાર પટેલ જયંતિ | ૧ | ઓકટોબર | ૩૧-૧૦-૨૦૧૮ | બુધવાર |
| ૧૪ | દિવાળી વેકેશન | ૨૧ | નવેમ્બર | તા.૫-૧૧-૧૮ થી તા.૨૫-૧૧-૧૮ | |
| ૧૫ | નાતાલ | ૧ | ડિસેમ્બર | ૨૫-૧૨-૨૦૧૮ | મંગળવાર |
| ૧૬ | ખ્રિસ્તીનું નવું વર્ષ | ૧ | જાન્યુઆરી | ૧-૧-૨૦૧૯ | મંગળવાર |
| ૧૭ | ઉત્તરાયણ | ૧ | જાન્યુઆરી | ૧૪-૧-૨૦૧૯ | સોમવાર |
| ૧૮ | વાસી ઉત્તરાયણ | ૧ | જાન્યુઆરી | ૧૫-૧-૨૦૧૯ | મંગળવાર |
| ૧૯ | પ્રજાસત્તાક દિન | ૧ | જાન્યુઆરી | ૨૬-૧-૨૦૧૯ | શનિવાર |
| ૨૦ | મહાશિવરાત્રી | ૧ | માર્ચ | ૪-૩-૨૦૧૯ | સોમવાર |
| ૨૧ | હોળી | ૧ | માર્ચ | ૨૧-૩-૨૦૧૯ | ગુરૂવાર |
| ૨૨ | ધૂળેટી | ૧ | માર્ચ | ૨૨-૩-૨૦૧૯ | શુક્રવાર |
| ૨૩ | ગુડીપડવો | ૧ | એપ્રિલ | ૬-૪-૨૦૧૯ | શનિવાર |
| ૨૪ | મહાવીર જયંતિ | ૧ | એપ્રિલ | ૧૭-૪-૨૦૧૯ | બુધવાર |
| ૨૫ | ગુડફ્રાઈડે | ૧ | એપ્રિલ | ૧૯-૪-૨૦૧૯ | શુક્રવાર |
| ૨૬ | ઉનાળુ વેકેશન | ૩૫ | મે-જૂન | ૬-૫-૨૦૧૯ થી ૯-૬-૨૦૧૯ | |
| | **કુલ** | ૮૦ | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## ઉર્દૂ માધ્યમ તથા ઝોનલ શાળાઓમાં પાળવાના તહેવારો અને વેકેશનની યાદી
## શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯

| ક્રમ | તહેવાર | દિન | માસ | તારીખ | વાર |
|---|---|---|---|---|---|
| ૧ | શબે કદ્ર | ૧ | જૂન | ૧૨-૬-૧૮ | મંગળવાર |
| ૨ | રમઝાન ઈદની રજાઓ | ૨ | જૂન | ૧૫-૬-૨૦૧૮ થી ૧૬-૬-૨૦૧૮ | શુક્રવારથી શનિવાર |
| ૩ | રથયાત્રા | ૧ | જુલાઈ | ૧૪-૭-૨૦૧૮ | શનિવાર |
| ૪ | સ્વાતંત્ર્ય દિન | ૧ | ઓગષ્ટ | ૧૫-૮-૨૦૧૮ | બુધવાર |
| ૫ | પતેતી | ૧ | ઓગષ્ટ | ૧૭-૮-૨૦૧૮ | શુક્રવાર |
| ૬ | બકરીઈદની રજાઓ | ૩ | ઓગષ્ટ | ૨૨-૮-૨૦૧૮ થી ૨૪-૮-૨૦૧૮ | બુધવાર થી શુક્રવાર |
| ૭ | જન્માષ્ટમી | ૧ | સપ્ટેમ્બર | ૩-૯-૨૦૧૮ | સોમવાર |
| ૮ | ગણેશ ચતુર્થી / જૈન સંવત્સરી | ૧ | સપ્ટેમ્બર | ૧૩-૯-૨૦૧૮ | ગુરૂવાર |
| ૯ | મહોરમ(યોમે આસુરા) | ૧ | સપ્ટેમ્બર | ૨૧-૯-૨૦૧૮ | શુક્રવાર |
| ૧૦ | ગાંધીજયંતિ | ૧ | ઓકટોબર | ૨-૧૦-૨૦૧૮ | મંગળવાર |
| ૧૧ | દશેરા | ૧ | ઓક્ટોબર | ૧૮-૧૦-૨૦૧૮ | ગુરૂવાર |
| ૧૨ | સરદાર પટેલ જયંતિ | ૧ | ઓકટોબર | ૩૧-૧૦-૨૦૧૮ | બુધવાર |
| ૧૩ | દિવાળી વેકેશન | ૨૧ | નવેમ્બર | તા.૫-૧૧-૧૮ થી તા.૨૫-૧૧-૧૮ | |
| ૧૪ | ગ્યારવી શરીફ | ૧ | ડીસેમ્બર | ૧૯-૧૨-૨૦૧૮ | બુધવાર |
| ૧૫ | નાતાલ | ૧ | ડિસેમ્બર | ૨૫-૧૨-૨૦૧૮ | મંગળવાર |
| ૧૬ | ઉત્તરાયણ | ૧ | જાન્યુઆરી | ૧૪-૧-૨૦૧૯ | સોમવાર |
| ૧૭ | પ્રજાસત્તાક દિન | ૧ | જાન્યુઆરી | ૨૬-૧-૨૦૧૯ | શનિવાર |
| ૧૮ | હજરત શાહઆલમનો ઉર્સ | ૧ | ફેબ્રુઆરી | ૨૩-૨-૨૦૧૯ | શનિવાર |
| ૧૯ | મહાશિવરાત્રી | ૧ | માર્ચ | ૪-૩-૨૦૧૯ | સોમવાર |
| ૨૦ | ધૂળેટી | ૧ | માર્ચ | ૨૨-૩-૨૦૧૯ | શુક્રવાર |
| ૨૧ | મહાવીર જયંતિ | ૧ | એપ્રિલ | ૧૭-૪-૨૦૧૯ | બુધવાર |
| ૨૨ | ગુડફ્રાઈડે | ૧ | એપ્રિલ | ૧૯-૪-૨૦૧૯ | શુક્રવાર |
| ૨૩ | ઉનાળુ વેકેશન | ૩૫ | મે-જૂન | ૬-૫-૨૦૧૯ થી ૯-૬-૨૦૧૯ | |
| | કુલ | ૮૦ | | | |

**નોંધ** :-પરિપત્ર નં. ૩૪ તા.૮-૭-૧૪ મુજબ રમઝાન માસમાં આવતા તમામ શનિવારનો સમય શુક્રવાર મુજબનો રહેશે. ઉપર જાહેર કરેલ ઈસ્લામી રજાઓ ચાંદમાં ફેરફાર હોય તો ખરેખર જે દિવસે તહેવાર હોય તે દિવસે ઉજવવી બાકીના દિવસોમાં શાળા ચાલુ રાખવી.